# જૂનાગઢ શહેરમાં વ્યવસાયિક મનોભારની દાંપત્ય જીવન ઉપર પડતી અસરનો અભ્યાસ

**Vaishali J. Pithiya**

Ph.D. Scholar,
Bhakta Kavi Narsinh Mehta University,
Dungarpur, Junagadh, Gujarat.

Published in IJIRMPS (E-ISSN: 2349-7300), Volume 11, Issue 6, (November-December 2023)

License: Creative Commons Attribution-ShareAlike 4.0 International License

## પ્રસ્તાવના

પ્રસ્તતુ અધ્યયનનો હેતુ જુનાગઢ શહેરમાં રહેતા-વ્યવસાય કરતાં પતિ –પત્નીનો અભ્યાસ કરવાનો છે. આધુનિક યુગને ચિંતાના યુગ તરીકે માનવામાં આવે છે. વ્યક્તિને પોતાના જીવનમાં કોઇ ને કોઈ પ્રકારે સ્ટ્રેસ તો હોય જ છે. આદિ-માનવની જેમ અત્યારનું જીવન સરળ અને સહજ નથી, ખબૂ જ જટીલ બનતું જાય છે. પહેલા વ્યક્તિની માત્ર ત્રણ જ જરૂરિયાતો હતી “રોટી, કપડાં ઓર મકાન”, પરંતુ અત્યારનો સમય બદલાયો છે. ટેકનોલોજીના વિકાસના લીધે વ્યક્તિનું જીવન તો આરામ દાયક બન્યું છે પરંતુ તેની સામે જવાબદારી અને જરૂરિયાતો પણ વધી છે. પહેલાના સમયમાં કુટુંબમાં એક વ્યક્તિ કમાતો અને બીજા બેસતા પરંતુ અત્યારના આ મોંઘવારીના સમયમાં ઘર ચલાવવા માટે પતિ-પત્ની બંનેએ કમાવું પડે છે. તો આ અભ્યાસમાં આપડે વ્યવસાય દાંપત્ય જીવન ઉપર કંઇ રીતે અસર કરે છે તેનો અભ્યાસ કરવાનો છે. પહેલાના સમયમાં લોકો સયુક્ત કુટુંબમાં રહેતા હતા અને અત્યારે વિભક્ત કુટુંબનું પ્રમાણ વધતું જાય છે, એ પણ સ્ટ્રેસનું એક કારણ ગણી શકાય.

આપણા સમાજમાં હવે ધરમળૂથી પરિવર્તન આવવા લાગ્યું છે. હવે પુરૂષો ઘરગથ્થુ સ્ત્રી કરતા વ્યવસાય કરતી સ્ત્રીઓ વધારે પસંદ કરવાં લાગ્યા છે. સમાજમાં હવે સ્ત્રી શિક્ષણ અને વ્યવસાયનું પ્રમાણ વધતું જતું જોવા મળે છે. જ્યાં પતિ-પત્ની બંને વ્યવસાય કરતાં હોય તે ઘરમાં અનેક પ્રશ્નો ઉદભવતા જોવા મળે છે. જેમકે, ઘરનું કામ, બાળકોનું ધ્યાન રાખવુ, જો સયુક્ત કુટુંબમાં રહેતા હોય તો વડીલોની સાર સંભાળનો પ્રશ્ન જેવા કેટ-કેટલા પ્રશ્નો ઉદભવે છે.

## હેતુ

જૂનાગઢ શહેરમાં વ્યવસાય કરતાં પતિ-પત્નીના વ્યવસાયિક સ્ટ્રેસનો અભ્યાસ કરવો.

## ઉત્કલ્પના

અધ્યયનના હેતુને ધ્યાનમાં રાખીને નીચે પ્રમાણે ઉત્કલ્પનાની રચના કરવામાં આવી છે.

1. જુનાગઢ શહરેમાં રહેતા વ્યવસાય કરતાં પુરૂષોમાં વ્યવસાયિક સ્ટ્રેસની દાપંત્ય જીવન ઉપર અસર થતી નથી.
2. જુનાગઢ શહેરમાં રહેતી વ્યવસાય કરતી સ્ત્રીઓમાં વ્યવસાયિક સ્ટ્રેસની દાંપત્ય જીવન ઉપર અસર થતી નથી.

## સંશોધન પદ્ધત્તિ

### નિદર્શ

પ્રસ્તતુ સંશોધન માટે જુનાગઢ શહેરમાં રહેતા વ્યવસાય કરતાં 100 પુરૂષો અને અને વ્યવસાય કરતી 100 સ્ત્રીઓની યદચ્છ નિદર્શન પદ્ધતિ દ્વારા પસંદગી કરવામાં આવી.

## માહિતી એકત્રિકરણ
માહિતી એકત્રિકરણ માટે શ્રીવાસ્તવ અને સિંઘ 1981 રચિત વ્યવસાયિક માનોભાર તુલાનો ઉપયોગ કરી માહિતી એકત્ર કરવામાં આવી.

ઉતરદાતાને પ્રશ્નાવલીમાં આપેલા પ્રશ્નો ધ્યાનથી વાંચી, તેમાંથી તે ક્યાં ઉતર સાથે સહમત છે તેની સામે નિશાન કરવાની સચૂના આપી. પ્રાપ્ત પરિણામોના આંકડાશાસ્ત્રીય પથૃક્કરણ માટે 't' ટેસ્ટનો ઉપયોગ કરવામાં આવ્યો.

| જાતી | સંખ્યા | મધ્યક | પ્રમાણ વિચલન | 't' ગુણોત્તર |
|---|---|---|---|---|
| સ્ત્રી | 100 | 79.01 | 11.55 | 1.97 |
| પુરૂષ | 100 | 58.55 | 11.51 | |

## પરિણામ ચર્ચા
ઉપરયુક્ત કોષ્ટકની વિગતો જોતા જણાય છે કે પુરૂષોનો વ્યવસાય મનોભાર સ્કોરનો મધ્યક 79.01 પ્રમાણિત વિચલન 11.55 જોવા મળે છે. સ્ત્રીઓના સ્કોરનો મધ્યક 58.55 અને પ્રમાણિત વિચલન 11.51 જોવા મળે છે.

કોષ્ટક નંબર એકની વિગતો જોતા જણાય છે કે ગણેલ 't' 1.97 છે, જ્યારે 0.05 સાર્થકતાની કક્ષાએ કોઠાનો 't' 1.97 છે, જે ગણેલ ટી કરતા ઓછો છે. માટે 0 પરિકલ્પના અસ્વીકાર્ય બને છે. તે માટેના શક્ય કારણ તરીકે કહી શકાય કે:
- પતિ પત્નીનો એકબીજાને સમય ન ફાળવી શકવો.
- વ્યવસાયના કારણે બંનેના મગજ ઉપર મનોભાર રહેવો.
- ઈતર પ્રવૃત્તિઓમાં ઓછું ધ્યાન આપવું.

## તારણ
ઉપર્યુક્ત પરિણામને આધારે તારણ તારવી શકીએ કે વ્યવસાય કરતા સ્ત્રી અને પુરૂષોમાં મનોભારનું પ્રમાણ જોવા મળે છે. સંશોધન દ્વારા પ્રાપ્ત પરિણામો દ્વારા જાણી શકાય છે કે સ્ત્રીઓમાં પુરૂષો કરતાં મનોભારનું પ્રમાણ વધુ છે.

**References**
[1] Nicole Wilson (2014), Study in to the impact of stress on individual's information behaviour, Dept. of Computer and Information Sciences, University of Strathclyde.
[2] Vrunda K. Thakar (2019), Journal of Multi-disciplinary.
[3] Baraiya Darshana (2005), A study of occupational stress, social support and psychological well-being - A dissertation, Saurashtra University.